# સ્નેહા ફાઉન્ડેશન

SNEHA FOUNDATION

A Dream for Everyone

ટ્રસ્ટ રજી. નં. એફ/૨૮૬૭ (ભાવનગર) સોસાયટી રજી. નં. ગુજરાત/૨૯૪૫/ભાવનગર

## ડિસેમ્બર-૨૦૨૫

## સંસ્થાના બાળકો માટે ડિજીટલ બોર્ડની ભેટ આપવામાં આવી.

સ્વ. કુંદનબેન કિર્તીભાઈ સખપરાનાં સ્મરણાર્થે શ્રી કિર્તીભાઈ સખપરા તથા સખપરા પરિવાર તરફથી સ્નેહા ફાઉન્ડેશન સંસ્થામાં ડિજીટલ બોર્ડનું અનુદાન કરવામાં આવ્યું. “જયારે સ્મૃતિ સેવા સાથે જોડાય છે, ત્યારે તે અનેક જીવનમાં પ્રકાશ ફેલાવે છે.” આ ડિજીટલ બોર્ડના માધ્યમથી આર્થિક રીતે પછાત અને તકવંચિત બાળકોને વધુ સશકત અને આધુનિક શિક્ષણ મળવાની દિશામાં એક મહત્ત્વપૂર્ણ પગલું ભરાયું છે.






✳ સ્થળ ✳

પ્લોટ નં. ૨૦૩-એ, સુર્યાવાળો ચોક, આનંદનગર વિમાના દવાખાના સામેનો ખાંચો, ખેડુતવાસ, ભાવનગર - ૩૬૪ ૦૦૫ (ગુજરાત)

snehafoundation1709@gmail.com

૯૩૨૮૨૮૩૨૮૧

Snehafoundation Trust

www.snehafoundation.co.in

Snehafoundation Trust

Snehafoundation Trust

આ અનુદાનથી વિદ્યાર્થીઓના અભ્યાસમાં રસ વધશે. તેમજ શિક્ષણ પ્રક્રિયા વધુ અસરકારક અને સમજણભેર બનશે. આવા સદ્કાર્યો સમાજમાં, સકારત્મકતા અને સેવાભાવને વધુ મજબુત બનાવે છે અને એ જ તેની સાચી સિદ્ધિ છે.

આ પવિત્ર કાર્ય બદલ સખપરા પરિવાર પ્રત્યે સ્નેહા ફાઉન્ડેશન હૃદયપૂર્વક આભાર વ્યકત કરે છે અને આશા રાખે છે કે આવી સેવાભાવી પ્રેરણા અન્ય લોકોને પણ સમાજ સેવામાં જોડાવા પ્રોત્સાહિત કરશે.



## લર્નિંગ સેન્ટર

આ માસ દરમિયાન સ્નેહા ફાઉન્ડેશનના લર્નિંગ સેન્ટર અંતર્ગત બાળકોને ડિજીટલ બોર્ડના માધ્યમથી એનિમેશન અને વિડીયો દ્વારા વિષયોની સરળ સમજણ આપવામાં આવી હતી. જેમાં મુશ્કેલ મુદ્દાઓને ઉદાહરણો સાથે સ્પષ્ટ રીતે તેમજ બાળકોમાં ધ્યાન કેન્દ્રિત રહે અને શીખવાની ગતિ વધે વગેરે શિખવવામાં આવ્યું હતું. આ સાથે બાળકોને પુનરાવર્તન દ્વારા શીખેલું વધુ મજબુત બન્યું હતું.




## એન. પી. મહેતા પ્રાથમિક શાળાનો અહેવાલ

સ્નેહા ફાઉન્ડેશન સંચાલિત એન. પી. મહેતા પ્રાથમિક શાળામાં આ માસ દરમિયાન બાલમંદિરના બાળકો દ્વારા અદ્દશ્ય આંખ, જાદુઈ ફુલ, રંગ બદલવો, માઈન્ડ ગેમ, ચિટકકામ અને શાકભાજીની ઓળખ વિગેરે શિખવવામાં આવ્યું અને આ જ રીતે પ્રાથમિકના બાળકો દ્વારા ક્રાફ્ટ વર્ક, વિજ્ઞાનનો પ્રયોગ, ક્રિસમસ ટ્રી અને પાંદડામાંથી જીવ જંતુંના આકાર બનાવવામાં આવ્યા હતા.

શાળાના બાલમંદિરના બાળકોમાં તેની વયકક્ષા પ્રમાણે અલગ-અલગ ક્ષમતાઓનો વિકાસ થાય તે માટે અદ્રશ્ય આંખ, જાદુઈ ફૂલ, રંગ બદલવો એ પણ હળદર, લીંબુ, સાબુ અને પાવડરનો ઉપયોગ કરીને, માઈન્ડ ગેમ, ચિટક કામ કરાવવામાં આવ્યું હતું.

આ સાથે આ માસ દરમિયાન શાળાના બાળકોને વિવિધ પ્રવૃતિઓ દ્વારા સમજાવવામાં આવ્યું હતું. આ પ્રવૃતિમાં બાળકોએ ખુબ જ રસપૂર્વક ભાગ લીધો હતો.



# સર્વાંગી વિકાસલક્ષી પ્રવૃત્તિ

## • ડૉ. બાબાસાહેબની જન્મ જયંતિ

તારીખ ૦૬ ડિસેમ્બર ૨૦૨૫ રોજ સ્નેહા ફાઉન્ડેશન સંસ્થામાં બાબા સાહેબ આંબેડકરની જન્મ જયંતિ નિમિત્તે એક પ્રેરણાદાયક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનો મુખ્ય હેતુ સંસ્થાના બાળકોને બાબા સાહેબના જીવન, તેમના વિચારો અને સમાજ માટે આપેલા યોગદાન વિશે સરળ ભાષામાં સમજાવવાનો હતો.

બાળકોને સમજાવવામાં આવ્યું કે ડૉ. બાબા સાહેબ આંબેડકર ભારતના બંધારણના રચયિતા હતા અને તેમણે સૌને સમાન અધિકાર મળે તે માટે જીવનભર સંઘર્ષ કર્યો હતો. તેમણે બાળપણથી જ ભેદભાવ સહન કરવો પડયો, છતાં તેઓ શિક્ષણને પોતાનું મુખ્ય હથિયાર બનાવ્યું અને ઊંચી ડિગ્રી મેળવી. તેમણે સમાજને “શિક્ષિત બનો, સંગઠિત રહો અને સંઘર્ષ કરો” એવો મહાન સંદેશ આપ્યો, જે આજે પણ દરેક માટે પ્રેરણારૂપ છે.

કાર્યક્રમ દરમિયાન બાળકોને પ્રશ્નો પુછવાની તક આપવામાં આવી અને તેમની જિજ્ઞાસાને સરળ ઉદાહરણો દ્વારા સંતોષવામાં આવી. આ પ્રવૃત્તિથી બાળકોમાં સમાનતા, શિક્ષણ પ્રત્યે રસ અને સારા મૂલ્યો વિકસાવવાનો પ્રયત્ન કરવામાં આવ્યો હતો. બાળકોને બાબા સાહેબના વિચારો સમજવામાં મદદ મળી અને તેઓ પોતાના જીવનમાં સત્ય, ન્યાય અને સમાનતાના માર્ગે ચાલવા પ્રેરિત થયા હતાં.

 

## ● સુર્યમંડળનું મોડેલ

સ્નેહા ફાઉન્ડેશન સંસ્થામાં સર્વાંગી વિકાસલક્ષી પ્રવૃત્તિઓના ભાગરૂપે તારીખ **૧૦ ડિસેમ્બર ૨૦૨૫**ના રોજ બાળકો માટે **સુર્યમંડળ** વિષયક શૈક્ષણિક પ્રવૃતિનું અયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રવૃત્તિનો મુખ્ય હેતુ બાળકોમાં વૈજ્ઞાનિક સમજ વિકસાવવી, કલ્પનાશકિતને પ્રોત્સાહન આપવું તેમજ શીખવાની પ્રકિયાને આનંદદાયક બનાવવાનો હતો.

આ પ્રવૃતિ અંતર્ગત બાળકો દ્વારા સુર્યમંડળનું સુંદર અને સર્જનાત્મક મોડેલ તૈયાર કરવામાં આવ્યું. મોડેલ બનાવતી વખતે સુર્ય, ચંદ્ર, બુધ, મંગળ અને પૃથ્વી વગેરે જેવા તમામ ગ્રહોને યોગ્ય ક્રમમાં દર્શાવવામાં આવ્યા હતાં. બાળકોને રંગીન કાગળ, થર્મોકોલ બોલ, પૂઠાં, રંગો અને અન્ય સરળ સામગ્રીનો ઉપયોગ કરીને મોડેલ બનાવવાની તક આપવામાં આવી.

મોડેલ તૈયાર કરી બાળકોને સુર્યમંડળ વિશે સરળ રીતે સમજાવવામાં આવ્યું કે સુર્ય એ સુર્યમંડળનું કેન્દ્ર છે અને બધા ગ્રહો સુર્યની આસપાસ પોતાની કક્ષામાં પરિભ્રમણ કરે છે. પૃથ્વી પર જીવન કેમ શકય છે, દિવસ-રાત કેવી રીતે થાય છે અને દરેક ગ્રહની ખાસિયતો વિશે પણ માહિતી આપવામાં આવી હતી.

આ રીતે સ્નેહા ફાઉન્ડેશન સંસ્થામાં યોજાયેલ આ સુર્યમંડળ વિષયક પ્રવૃત્તિ બાળકો માટે શૈક્ષણિક, રસપ્રદ અને ઉપયોગી સાબિત થયું હતું.





## ● ખુણાઓની ચાર્ટ દ્વારા ઓળખ

તારીખ **૨૦ ડિસેમ્બર ૨૦૨૫**ના રોજ સ્નેહા ફાઉન્ડેશન સંસ્થામાં સર્વાંગી વિકાસલક્ષી પ્રવૃતિ અંતર્ગત બાળકોને ગણિતના મહત્વપૂર્ણ વિષય તરીકે **ખુણાઓ** અને ખાસ કરીને **ખુણાઓના પ્રકારો** વિશે સમજાવવામાં આવ્યું. પ્રવૃત્તિની શરૂઆતમાં શિક્ષકે સરળ અને સહજ ભાષામાં ખુણો એટલે શું, તે કેવી રીતે બને છે અને રોજિંદા જીવનમાં આપણે ક્યાં ક્યાં ખુણાઓ જોઈ શકીએ છીએ તેની માહિતી આપી હતી. બાળકોને બોર્ડ પર ઉદાહરણો બતાવીને ખૂણાની રચના સમજાવવામાં આવી જેથી તેઓ વિષયને સરળતાથી સમજી શકે.

આ સાથે બાળકોને તીક્ષ્ણ કાટખુણો, સમકાટખુણો, સ્થૂળ કાટખુણો, સીધો કાટખુણો અને પૂર્ણ કાટખુણો જેવા વિવિધ પ્રકારોની ઓળખ કરાવવામાં આવી. દરેક પ્રકારનો ખુણો કેટલા અંશનો હોય છે તે ઉદાહરણો સાથે સમજાવવામાં આવ્યું હતું.

બાળકોને ચાર્ટ પેપર આપવામાં આવ્યા અને તેમણે પોતાની કલ્પના અને સમજ મુજબ ખૂણાના વિવિધ પ્રકારોના સુંદર ચાર્ટ તૈયાર કર્યા હતાં. કેટલાક બાળકોએ રંગીન પેન્સિલ અને સ્કેચ પેનનો ઉપયોગ કરીને આકર્ષક આકૃતિઓ બનાવી, જ્યારે કેટલાકે નામ અને વ્યાખ્યા સાથે ખુણાઓ દર્શાવ્યા. આ પ્રવૃત્તિથી બાળકની સર્જનાત્મકતા, સમજશકિત અને આત્મવિશ્વાસમાં વધારો થયો હતો.





## ● પોકસો એકટ અને ટ્રાફિક જાગૃતિ કાર્યક્રમ

તારીખ ૨૫ ડિસેમ્બર ૨૦૨૫ના રોજ જિલ્લા કાનુની સેવા સત્તામંડળ, ભાવનગર દ્વારા આપણી સંસ્થા સ્નેહા ફાઉન્ડેશન ખાતે એક મહત્ત્વપૂર્ણ જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ બાળકોમાં કાનુની જાગૃતિ ફેલાવવાનો તથા તેમની સુરક્ષા અંગે માહિતી આપવાનો હતો. કાર્યક્રમ દરમિયાન બાળકોને ટ્રાફિક અવેરનેસ અંગે સમજ આપવામાં આવી હતી. તેમને રોડ પર ચાલતી વખતે નિયમોનું પાલન કરવું, ટ્રાફિક સિગ્નલનું મહત્ત્વ, હેલ્મેટ અને સીટબેલ્ટ કેમ જરૂરી છે, તથા વાહન ચલાવતી વખતે કે રોડ પાર કરતી વખતે કેવી રીતે સાવચેત રહેવું તેની માહિતી સરળ ભાષામાં સમજાવવામાં આવી હતી.

આ સાથે બાળકોને પોકસો એકટ વિશે પણ જાણકારી આપવામાં આવી હતી. બાળકોને સમજાવવામાં આવ્યું કે કોઈપણ વ્યકિત દ્વારા તેમને હચદગ્ય રીતે સ્પર્શ કરવો કે ખરાબ વર્તન કરવું ગુનો છે. આવા કોઈ બનાવ થાય તો ડર્યા વગર તરત જ પોતાના માતા-પિતા, શિક્ષક અથવા વિશ્વાસપાત્ર વ્યકિતને જાણ કરવી ખુબ જરૂરી છે. બાળકોને પોતાનું શરીર સુરક્ષિત રાખવાનો હક્ક છે તે બાબત પર ખાસ ભાર મુકવામાં આવ્યો હતો.

તેમજ બાળકોના અપહરણથી બચવા માટેની સાવચેતી અંગે પણ માર્ગદર્શન આપવામાં આવ્યુ હતું. અજાણ્યા વ્યકિત સાથે વાતચીત ન કરવી, કોઈ લાલચ કે ભેટના પ્રલોભનમાં ન આવવું, એકલા બહાર જતા સમયે સાવચેત રહવું અને કોઈ શંકાસ્પદ ઘટના થાય તો તરત નજીકના મોટા વ્યકિત અથવા પોલીસને જાણ કરવાની સમજ આપવામાં આવી હતી.







# તહેવારોની ઉજવણી

## ● નાતાલ પર્વની ઉજવણી

તારીખ **૨૫ ડિસેમ્બર ૨૦૨૫**ના રોજ સ્નેહા ફાઉન્ડેશન સંસ્થામાં **નાતાલ પર્વ**ની ઉજવણી આનંદપૂર્વક કરવામાં આવી, આ અવસરે બાળકોને નાતાલ પર્વનું મહત્ત્વ, તેની પરંપરા અને સંદેશ વિશે સરળ અને સમજણભરી ભાષામાં માહિતી આપવામાં આવી. નાતાલ પર્વ પ્રેમ, શાંતિ, વહેંચણી અને એકતાનો સંદેશ આપે છે તે અંગે બાળકોને સમજાવવામાં આવ્યું હતું.

બાળકો દ્વારા નાતાલ થીમ પર વિવિધ ક્રાફટ વર્ક કરવામાં આવ્યા હતા. બાળકોને ક્રિસમસ ટ્રી, સ્ટાર, સાન્તા કલોઝ વગેરે બનાવવાનું શીખવવામાં આવ્યું હતું. જેમાં તેમણે ખુબ ઉત્સાહ અને રસ સાથે ભાગ લીધો. આ પ્રવૃત્તિ દરમિયાન બાળકોમાં ખુશી, ઉત્સાહ અને સહભાગિતાનો ભાવ જોવા મળ્યો હતો. આવા તહેવારોની ઉજવણીથી બાળકોમાં સંસ્કૃતિની સમજ, પ્રેમભાવ અને પરસ્પર સહકારની ભાવના વધતી રહે તે માટે સ્નેહા ફાઉન્ડેશન સંસ્થા આવી પ્રવૃત્તિઓ યોજતું રહેશે.





## ● જન્મ દિવસની ઉજવણી

માં ચહેર જોગણીના વિશ્વ પ્રસિદ્ધ દરબાર ભાદરવા ધામના પૂજ્ય ગુરૂજી વિજયજી મહારાજના પાવન જન્મદિવસની ઉજવણી કરવામાં આવી હતી. પૂજ્ય ગુરૂજી મહારાજનો જન્મદિવસ માત્ર ઉત્સવ નહીં પરંતુ સેવા, સંવેદના અને માનવતાનો સંદેશ આપતો પવિત્ર દિવસ છે. આ શુભ અવસરે ભાવનગર શહેરના આર્થિક રીતે પછાત ખેડુતવાસ વિસ્તાર ખાતે કાર્યરત સ્નેહા ફાઉન્ડેશન સંસ્થામાં અભ્યાસ કરતા ૬૦૦ થી વધુ ગરીબ તથા જરૂરિયાતમંદ બાળકો માટે ભોજન સમારોહનું સુંદર અને સેવાભાવી આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમ દરમિયાન બાળકોને પ્રેમપૂર્વક ભોજન પીરસવામાં આવ્યું અને તેમના ચહેરા પર જોવા મળેલી ખુશીએ આ સેવા કાર્યની સાચી સફળતા હતી.

ગરીબ અને તકવંચિત બાળકોના જીવનમાં ખુશીના ક્ષણો ઉમેરવાનું આ કાર્ય ખરેખર પ્રશંસનીય છે, આવા સેવાકીય કાર્યો દ્વારા પૂજ્ય ગુરૂજી મહારાજની વિચારધારા અને સમાજ પ્રત્યેની સંવેદના સ્પષ્ટ રીતે પ્રગટ થાય છે. આ સમગ્ર ભોજન સમારોહને સફળ બનાવવા માટે સહયોગ આપનાર તમામ દાતાઓ, સ્વયંસેવકો અને આયોજનમાં જોડાયેલા દરેક વ્યકિતનો સ્નેહા ફાઉન્ડેશન પરિવાર હૃદયપૂર્વક આભાર વ્યકત કરે છે. આપ સૌના સહકારથી આ પવિત્ર સેવાકાર્ય શકય બન્યું છે.





# ગેટ ટુ ગેધર

સંસ્થા ખાતે તમામ કાર્યકર્તા અને શિક્ષકો માટે ગેટ ટુ ગેધર કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ આનંદ, ઉત્સવ અને ઉજવણીથી ભરપૂર એક સુંદર મિલન સમારંભ રહ્યો, દૈનિક કાર્યની વ્યસતતા વચ્ચે સૌને સાથે મળી ખુશીઓ વહેંચવાનો આ ઉત્તમ અવસર હતો.

કાર્યક્રમ દરમિયાન સૌએ સાથે બેસીને સ્વાદિષ્ટ ભોજનનો આનંદ લીધો અને એકબીજા સાથે હાસ્ય, વાતચીત અને યાદગાર ક્ષણો વિતાવી હતી. આ ઉપરાંત વિવિધ રસપ્રદ રમતોનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં તમામ કાર્યકર્તા અને શિક્ષકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો.

આ ગેટ ટુ ગેધર કાર્યક્રમથી સૌ વચ્ચે આપસી સમન્વય વધ્યા તેમજ સંસ્થા પ્રત્યે લાગણી અને એકતા વધુ ગાઢ થઈ હતી. તેઓમાં રમતો દ્વારા ટીમ ભાવના, સહકાર અને આનંદની લાગણી વધુ મજબુત બની હતી.







# તરૂણાવસ્થા

સ્નેહા ફાઉન્ડેશન સંસ્થા દ્વારા કાર્યરત તરૂણાવસ્થા પ્રોજેકટ અંતર્ગત ડૉ. હાર્દિકભાઈ ખત્રી દ્વારા કુલ ૧૩૯ દિકરીઓને સેનેટરી પેડ્સનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ પ્રોજેકટના નિયમિત કાર્યથી આજે સંસ્થા સાથે જોડાયેલ તમામ દિકરીઓ પેડ્સનો ઉપયોગ કરતી થઈ જેના કારણે સ્ત્રીઓમાં થતાં રોગોનું પ્રમાણ ઘટયું અને દિકરીઓમાં જાગૃતતા આવી હતી.

# ઈન્ટર્ન શિપ

વળીયા આર્ટસ એન્ડ કોમર્સ કોલેજમાં સમાજશાસ્ત્ર વિષયમાં અભ્યાસ કરતાં કુલ ૧૬ વિદ્યાર્થીઓ સ્નેહા ફાઉન્ડેશન સંસ્થામાં ઈન્ટર્નશિપ માટે આવ્યા હતા. આ ઈન્ટર્નશિપનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓને સમાજશાસ્ત્રના અભ્યાસ સાથે જોડાયેલો વ્યવહારૂ અનુભવ આપવાનો હતો. સ્નેહા ફાઉન્ડેશન સંસ્થા સમાજમાં આર્થિક રીતે પછાત વર્ગ માટે વિવિધ પ્રકારની સેવા કરે છે. જેના વિશે વિદ્યાર્થીઓને સરળ ભાષામાં માહિતી આપવામાં આવી હતી.

આ મુલાકાત દરમિયાન વિદ્યાર્થીઓને સંસ્થાની કામગીરી, ઉદ્દેશ્યો તથા સમાજસેવાના વિવિધ ક્ષેત્રો વિશે માર્ગદર્શન આપવામાં આવ્યું. આ સાથે ખેડુતવાસ વિસ્તારના સર્વે માટે મોલવામાં આવ્યા હતા, જેમાં તેઓ વિસ્તારમાં કેટલા બાળકોનું શિક્ષણ અધુરૂ રહી ગયું છે, વિવિધ પરિવારોની આર્થિક સ્થિતી, જીવનપરિસ્થિતી, રોજગાર અને સામાજીક સમસ્યાઓ અંગે માહિતી એકત્રિત કરી હતી.

આ સર્વે દ્વારા વિદ્યાર્થીઓને સમાજશાસ્ત્ર વિષયનું પ્રાયોગિક જ્ઞાન મળ્યું અને સમાજની વાસ્તવિક પરિસ્થિતીને નજીકથી સમજવાની તક મળી હતી. સ્નેહા ફાઉન્ડેશનના માર્ગદર્શન હેઠળ કરવામાં આવેલ આ સર્વે કાર્ય વિદ્યાર્થીઓ માટે ખુબ જ ઉપયોગી અને અનુભવદાયક સાબિત થયું તથા ભવિષ્યમાં સમાજસેવા ક્ષેત્રમાં કાર્ય કરવાની પ્રેરણા આપી હતી.







# બાળકો માટેની અન્ય પ્રવૃત્તિઓ

સંસ્થા દ્વારા જરૂરિયાતમંદ બાળકોને શિક્ષણ આપવાની સાથે સાથે જીવન જરૂરિયાતની વસ્તુનું વિતરણ પણ કરવામાં આવે છે.

➤ **વર્ષ ૨૦૨૫ના ડિસેમ્બર મહિનામાં બાળકોને આહારના વિતરણની યાદી અને દાતાશ્રીઓના નામ નીચે મુજબ છે.**

| ક્રમ | પ્રસંગનું નામ | બાળકોની સંખ્યા | | | દાત્તાશ્રી નું નામ |
|---|---|---|---|---|---|
| | | M | F | T | |
| ૧. | શ્રી માનવિરભાઈના જન્મદિવસ નિમિત્તે સંસ્થાના બાળકોને પૌષ્ટિક આહાર આપવામાં આવ્યો હતો. | ૨૩૪ | ૨૨૯ | ૪૬૩ | શ્રી ચિરાગભાઈ હરિયાણી |
| ૨. | શ્રી નીરવભઈ શાહની હેલ્થ જલ્દી સારી થાય તે માટે સંસ્થાના બાળકોને પૌષ્ટિક આહાર આપવામાં આવ્યો હતો. | ૨૩૬ | ૨૨૩ | ૪૫૯ | શ્રી સેવા સત્કાર્ય ગ્રુપ |
| ૩. | સંસ્થાના બાળકોને સહખુશાલી પૌષ્ટિક આહાર આપવામાં આવ્યો હતો. | ૨૩૫ | ૨૨૭ | ૪૬૨ | શ્રી આધાર ગ્રુપ (મુંબઈ) |
| ૪. | સંસ્થાના બાળકોને સહખુશાલી પૌષ્ટિક આહાર આપવામાં આવ્યો હતો. | ૨૩૩ | ૨૨૮ | ૪૬૧ | શ્રી ચેતનાબેન શાહ (પાર્શ્વ સત્કાર્ય મંડળ) |
| ૫. | પૂજ્ય ગુરૂજી વિજય મહારાજજીના જન્મદિવસ નિમિત્તે સંસ્થાના બાળકોને પૌષ્ટિક આહાર આપવામાં આવ્યો હતો. | ૨૩૪ | ૨૨૪ | ૪૫૮ | ચેહર પરિવાર તથા પૂજ્ય ગરૂજી વિજય મહારાજ |
| ૬. | નૈમિષારણ્ય શાળા દ્વારા બાળકોને સહખુશાલી પૌષ્ટિક આહાર આપવામાં આવ્યો હતો. | ૧૬૮ | ૧૪૫ | ૩૧૩ | શ્રી નૈમિષારણ્ય શાળા |




# બાળકો માટેની અન્ય પ્રવૃત્તિઓ

સંસ્થા દ્વારા જરૂરિયાતમંદ બાળકોને શિક્ષણ આપવાની સાથે સાથે જીવન જરૂરિયાતની વસ્તુનું વિતરણ પણ કરવામાં આવે છે.


➤ **વર્ષ ૨૦૨૫ના ડિસેમ્બર મહિનામાં બાળકોને જીવન જરૂરિયાતની વસ્તુઓનાં વિતરણની યાદી અને દાતાશ્રીઓના નામ નીચે મુજબ છે.**

| ક્રમ | પ્રસંગનું નામ | બાળકોની સંખ્યા | | | દાત્તાશ્રી નું નામ |
|---|---|---|---|---|---|
| | | M | F | T | |
| ૧. | નૈમિષારણ્ય શાળા દ્વારા સ્ટેશનરીનું વિતરણ કરવામાં આવ્યું હતું. | -- | -- | -- | શ્રી નૈમિષારણ્ય શાળા |
| ૨. | સ્વ. કુંદનબેન કિર્તીભાઈ સખપરાના સ્મરણાર્થે સંસ્થામાં ડિજીટલ બોર્ડ આપવામાં આવ્યું હતું. | -- | -- | -- | શ્રી કિર્તીભાઈ સખપરા |
| ૩. | સંસ્થાના બાળકને સહખુશાલી મોજા આપવામાં આવ્યા હતા. | -- | -- | -- | શ્રી કેતનભાઈ શેઠ |

## ➤ ડિસેમ્બર માસમાં સંસ્થાની મુલાકાતે આવેલ મુલાકાતીઓની યાદી

| ક્રમ | મુલાકાતીઓનું નામ |
|---|---|
| ૧. | શ્રી ચિરાગભાઈ હરીચાણી<br>શ્રી તરૂણાબેન હરીચાણી<br>શ્રી રીટોબન હરીચાણી<br>શ્રી રાજુભાઈ હરીચાણી |
| ૨. | શ્રી નીરવ જૈનેષભાઈ શાહ |
| ૩. | શ્રી બિંદુબેન મોદી<br>શ્રી દ્રષ્ટિબેન શાહ<br>શ્રી મનહરલાલ મોદી<br>શ્રી ચિરાગભાઈ |
| ૪. | શ્રી વરૂનભાઈ બારૈયા<br>શ્રી સાયરાબેન મલિક<br>શ્રી સોનાલીબેન જાલીયા |
| ૫. | શ્રી ચેતનાબેન શાહ |
| ૬. | શ્રી સોનલબેન મોદી<br>શ્રી વિજયભાઈ મોદી<br>શ્રી કુસુમબા શાહ<br>શ્રી રાજેશભાઈ મોદી<br>શ્રી હંસાબેન મોદી |
| ૭. | શ્રી કિર્તીભાઈ સખપરા<br>શ્રી મનિષભાઈ સખપરા<br>શ્રી ભાવનાબેન સખપરા<br>શ્રી અવનીબેન સખપરા<br>શ્રી મોહિતભાઈ સખપરા |

## જાન્યુઆરી-૨૦૨૬ના સૂચિત કાર્યક્રમો

| તારીખ | આયોજનની વિગત |
|---|---|
| ૧૧ જાન્યુઆરી ૨૦૨૬ | સ્નેહની સવાર કાર્યક્રમ. |
| ૧૩ જાન્યુઆરી ૨૦૨૬ | મકરસંક્રાતીની ઉજવણી. |
| ૧૭ જાન્યુઆરી ૨૦૨૬ | સર્વાંગી વિકાસલક્ષી પ્રવૃત્તિ. |
| ૨૨ જાન્યુઆરી ૨૦૨૬ | સુભાષચંદ્રબોઝ જયંતિ વિશે કાર્યક્રમ. |
| ૨૩ જાન્યુઆરી ૨૦૨૬ | વસંત પંચમી કાર્યક્રમ. |
| ૨૬ જાન્યુઆરી ૨૦૨૬ | પ્રજાસત્તાક દિનની ઉજવણી. |
| ૩૦ જાન્યુઆરી ૨૦૨૬ | શહિદ દિન કાર્યક્રમ. |
























## આપને સહભાગી થવા નિમંત્રણ:

તકવંચિત બાળકો પ્રત્યેની જવાબદારીની આ યાત્રા આપણો એક નમ્ર પ્રયત્ન છે. મર્યાદાઓ અને પડકારો અનેક છે, પરંતુ આપ સૌની શુભેચ્છાઓ અને સક્રીય સહયોગ અમારા માટે પ્રેરણારૂપ બની રહેશે.

સંસ્થાની વધતી જતી પ્રવૃતિઓ અને વધતા જતા વ્યાપ અને વિસ્તરણ માટે એ બાબત સ્વાભાવિક જ છે કે એ માટે સંસ્થાનું ભંડોળ વધે. આના માટે ઉદાર દાતાઓની સખાવત અમારા માટે નવું પ્રેરણાબળ પુરું પાડશે. દાન, અનુદાન દ્વારા આપ પણ આ સંસ્થાના સેવાકીય વિકાસ સાથે જોડાઓ તેવી અમારી વિનમ્ર અપીલ છે. સંસ્થા સંપુર્ણપણે આવા દાન દ્વારા જ વધુ વિકસશે. તેને દરિદ્રનારાયણોની સેવામાં વધુમાં વધુ આગળ વધવાની તક મળશે.

**સંસ્થાને અપાતી આર્થિક સહાય ૮૦(જી) હેઠળ કરમુકત છે.**

**80(G) No.: DIT(E)/80G(5)/351/SF/2015-16, Dt. 21-01-2016**
**PAN No.: AAPTS4988N**

### બેંકની વિગત

Sneha Foundation
IDBI Bank Account No. : 0071104000438575
IFS Code : IBKL0000071
UPI ID : 1000200723000011.9328283281@idbi

**UPI QR CODE**

**આ સેવાયજ્ઞમાં જોડાવા માટે આપ અમારો સંપર્ક કરો:**


૯૩૨૮૨૮૩૨૮૧ - ૯૫૮૬૮૬૩૨૧૮ - ૯૫૧૦૮૮૮૯૯૦

snehafoundation1709@gmail.com

www.snehafoundation.co.in

Snehafoundation Trust

Snehafoundation Trust

Snehafoundation Trust


**નોંધ:- કોર્પોરેટ કંપનીના CSR ફંડ માંથી દાન સ્વીકાર્ય છે.**

**સંકલન :- વિરલ ગીલ, વિમલ વાઘેલા**